મોરબી જિલ્લાના સાત ગામો રાજકોટ જિલ્લાના રાજકોટ શહેરના કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં સમાવવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: **પસથ/૧૦૨૦૧૫/રા.ક.મં.-૧૧/વ,**
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 06 MAY 2015

વંચાણે લીધા:

(૧) મહેસૂલ વિભાગનું તા.૩/૧૦/૧૩નું નોટીફીકેશન ક્ર:GHM/134/2013/PFR/102013/139/L-1.
(૨) મહેસૂલ વિભાગનું તા.૧૮/૨/૧૪નું નોટીફીકેશન ક્ર:GHM/26/2014/M/PFR/102013/139/L-1.
(૩) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.નો તા.૧૮/૯/૧૪નો પત્ર ક્રમાંક.:ઇ.૨/૧૫૩૬/હદ.વિસ્તાર જા.નામુ/૨૦૫૬/૨૦૧૪.

ઠ રા વ:

મહેસૂલ વિભાગના સંદર્ભ દર્શિત નોટીફીકેશન અન્વયે મોરબી જિલ્લાના (૧) કોઠારીયા (૨) કાગદડી (૩) આણંદપર (૪) હડાળા (૫) બેડી (૬) વિજયનગર તથા (૭) ખેરવા ગામને રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકામાં સમાવિષ્ટ કરવામાં આવેલ. આ ફેરફાર પરત્વે આ ગામોને રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં સમાવિષ્ટ કરવા સ્થાનિક કક્ષાએથી રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત થયેલ તથા સંદર્ભ દર્શિત પત્રથી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી દ્વારા પણ દરખાસ્ત કરવામાં આવેલ.

૨. મહેસૂલ વિભાગના સંદર્ભ દર્શિત નોટીફીકેશન અન્વયે થયેલ ફેરફાર, સ્થાનિક કક્ષાએથી થયેલ રજૂઆત તથા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા.ની દરખાસ્ત ધ્યાને લેતાં સામાન્ય જનતાને અગવડ ન પડે તે માટે પુખ્ત વિચારણાને અંતે મોરબી જિલ્લાના (૧) કોઠારીયા (૨) કાગદડી (૩) આણંદપર (૪) હડાળા (૫) બેડી (૬) વિજયનગર તથા (૭) ખેરવા ગામને રાજકોટ જિલ્લાના રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તાર હેઠળના કુવાડવા રોડ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં સમાવેશ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**(P.T.O.)**

૩. મોરબી જિલ્લાના (૧) કોઠારીયા (૨) કાગદડી (૩) આણંદપર (૪) હડાળા (૫) બેડી (૬) વિજયનગર તથા (૭) ખેરવા ગામને મોરબી જિલ્લામાંથી કમી કરી રાજકોટ જિલ્લાના રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારના કુવાડવા રોડ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં સમાવેશ કરવા માટે કરવાની થતી આનુષાંગિક કાર્યવાહી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજય, ગાંધીનગર, પોલીસ કમિશ્નરશ્રી રાજકોટ શહેર તથા પોલીસ અધિક્ષકશ્રી, મોરબીએ હાથ ધરવાની રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ ઉપર રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ની તા.૨૧-૪-૨૦૧૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.આર.ભમ્મર)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી, રાજકોટ રેન્જ, રાજકોટ.
- પોલીસ કમિશ્નરશ્રી રાજકોટ શહેર.
- પોલીસ અધિક્ષકશ્રી રાજકોટ ગ્રામ્ય.
- પોલીસ અધિક્ષકશ્રી મોરબી.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, રાજકોટ.
- સિલેક્ટ ફાઇલ.